# રાજકોટ મહાનગરપાલિકા

## જાહેર નોટિસ

## (વેરા વસૂલાત શાખા)

ધી ગુજરાત પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ – ૧૯૪૯ ના પરિશિષ્ટ "એ" ના પ્રકરણ-૮ કરને લગતા નિયમોના નિયમ નં-૯ તથા ૧૩ થી ૧૬ મુજબ મ્યુનિસિપલ હદમાં આવેલ મિલકતની સને.૨૦૨૪-૨૦૨૫ ના વર્ષ માટેની મિલ્કત વેરા અંગેની જાહેર નોટિસ.

(૧) આ જાહેર નોટીસથી સંબંધકર્તા તમામ વ્યક્તિઓને જણાવવામાં આવે છે કે રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ મિલકતોની મિલકત વેરાની ગણતરી કોમ્પ્યુટર ડેટા સને.૨૦ ૨૪-૨૦૨૫ ની સાલ માટે તૈયાર કરેલ છે તે આકારણી ડેટાની વિગત રાજકોટ મહાનગરપાલિકાની ઇસ્ટ ઝોન, સેન્ટ્રલ ઝોન અને વેસ્ટ ઝોન કચેરી ખાતેની વેરા વસુલાત શાખા તથા વોર્ડની મુખ્ય વોર્ડઓફિસોમાં આવેલ કોમ્પ્યુટર પરથી નીચે પારા-(૨)માં જણાવેલ મુદત દરમ્યાન મિલકતના માલિક અથવા ભોગવટો કરનાર હોવાનો દાવો કરતા હોય તેવી વ્યક્તિ અથવા એવી વ્યક્તિઓના કોઇપણ અધિકૃત પ્રતિનિધિ માહિતી જોઇ શકશે તેમજ તેમાંથી વગર કિંમતે, કોમ્પ્યુટરાઇઝડ નકલ મેળવી શકશે.

(૨) ઉપર જણાવેલ મિલકતોના મિલ્કત વેરા રજીસ્ટરમાં વર્ષ ૨૦ ૨૩-૨૦૨૪ દરમ્યાન દાખલ કરવામાં આવેલ નવીન નોંધ અથવા દાખલ કરવામાં આવેલ મિલકત વેરાની ગણતરીનો સુધારો અથવા દાખલ કરેલ મિલકતના ઉપયોગના પ્રકાર બાબતનો સુધારો અથવા દાખલ કરવામાં આવેલ કર ભરવા સારૂ જવાબદાર વ્યક્તિના નામનો સુધારો અથવા દાખલ કરવામાં આવેલ ભોગવટો કરનારના નામના સુધારા વિરૂધ્ધ વાંધાઓ અને કારણો દર્શાવતી લેખિત અરજી આ નોટિસ પ્રસિધ્ધ થયાની તા: ૦૪/૦૭ /૨૦૨૪ થી તા:૧૯/૦૭/૨૦૨૪ સુધીમાં કચેરીનાં કામકાજના સમય દરમ્યાન તે બાબતે મિલકત દીઠ અલાયદી લેખિત /ઓનલાઇન વાંધા અરજી સ્પષ્ટ કારણો જણાવી, સંબંધિત ઝોન ઓફીસની વેરા વસુલાત શાખા /મુખ્ય વોર્ડ ઓફિસોમાં કમિશનરશ્રી, રાજકોટ મહાનગરપાલિકાને ઉદ્દેશીને રજુ કરવા આથી સુચના આપવામાં આવે છે, જેમના તરફથી આ મુદતની અંદર લેખિત/ઓનલાઇન વાંધા અરજી નહીં આવે તો તેમને ઉપર પારા-(૧)માં જણાવ્યા પ્રમાણે મિલ્કત વેરા પત્રકમાં કરેલ નોંધ અંગે વાંધો નથી તેમ ગણવામાં આવશે તેમજ તે મિલકત ઉપર લેવાના થતાં કર કાયદેસર રીતે આકારી વસુલ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

(3) જે અરજદારોને નવા વેરા બિલ મળેલ નથી તેવા અરજદારોએ જુના વેરા બિલ સાથે લગત વોર્ડ ઓફિસે સંપર્ક કરવાનો રહેશે તથા નવુ વેરા બિલ અલગ મિલ્કત નંબર કે નામથી મળેલ હોય તેવા અરજદારોએ જુના અને નવા વેરા બિલ સાથે લગત વોર્ડ ઓફિસ કે ઝોન ઓફિસે રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે.

(સહી) ડી.પી. દેસાઈ
કમિશ્નર
રાજકોટ મહાનગરપાલિકા

નોંધ :-

(૧) સમગ્ર માહિતી વેરા વસુલાત શાખાના કોમ્પ્યુટરમાં જોઇ શકાશે.
(૨) આ માહિતી રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઇટ/મોબાઇલ અપ્લિકેશન ઉપર પણ જોઇ શકાશે.
(3) આ જાહેર નોટીસની પ્રસિધ્ધિ નીચેના સ્થળોએ કરવામાં આવેલ છે.

I. રાજકોટ મહાનગરપાલિકાની ત્રણેય ઝોન કચેરી તથા તમામ સીટી સિવીક સેન્ટરના નોટીસ બોર્ડ ઉપર.
II. વોર્ડ ઓફિસ-વોર્ડ નંબર ૧ થી ૧૮.
III. રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઇટ ઉપર.
વેબસાઇટ:www.rmc.gov.in